RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૧૪ તા.૭–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નાસીરખાન સીમેન્ટવાલા
સામાવાળાઃ– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નાસીરખાન સીમેન્ટવાલાની તા. ૨૧–૧૨–૧૧ની અરજીથી સુમપામાં લીબાંયતઝોનમાં આવેલ ખોડીયારનગર સોસા. બાબતે મુદ્દા નં.(૧) ટી.પી. સ્કીમ નં.૭, ફા.પ્લોટ નં.૧૪૯, સ. નં.૨૨/૧૧ માં કેટલી સોસા. બનેલી છે? અને તેમાં કુલ કેટલા સીઓપી જગ્યા આવેલી છે? અને સી.ઓપીમાં જગ્યામાં કયા કયા પ્રકારનું ગેરકાયદેસર બાંધકામ થયેલા છે? તેની વિગતવાર માહિતી આપવા મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબત.
સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૭–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૧૪/૨૦૧૧–૧૨

શ્રી નાસીરખાન સીમેન્ટવાલાની તા. ૨૧–૧૨–૧૧ની અરજીથી સુમપામાં લીબાંયતઝોનમાં આવેલ ખોડીયારનગર સોસા.ના બાબતે મુદ્દા નં.(૧) ટી.પી. સ્કીમ નં.૭, ફા.પ્લોટ નં.૧૪૯, સ. નં.૨૨/૧૧ માં કેટલી સોસા. બનેલી છે? અને તેમાં કુલ કેટલા સીઓપી જગ્યા આવેલી છે? અને સી.ઓપીમાં જગ્યામાં કયા કયા પ્રકારનું ગેરકાયદેસર બાંધકામ થયેલા છે? તેની વિગતવાર માહિતી આપવા મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૭–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલી હોય તો તે,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૭૮ તા.૧૭–૨–૧૨ થી** સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી તથા અરજદારનૂળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત સહ તબદીલી પત્રોનો સંદર્ભ તથા નારાજગી અંગે જાહેર માહિતી અધિકારીદીઠ આધાર સહ રજુઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૭૧ તા.૨૯–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, પત્ર નં.ટીડીઓ/૪૩૨ તા.૩૧–૧૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૮–૨–૧૨ ના પૂરક પત્રથી મુળ અરજીની નકલ, મ. જાહેર માહિતી અધિકારી નગર નિયોજક તરફથી લીંબાયતઝોનને તબદીલ થયેલ પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૧–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદૃા નં.૧ થી ૧૦ ની માહિતી માંગતી અરજી મ્યુ.કમિ.શ્રીને સબોંધતી સેન્ટ્રલ ઓફિસમાં આપવામાં આવેલ. જે નગર નિયોજક અને મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૩૨ તા.૩૧–૧૨–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજદારના અરજીના મુદ્દા નં.(૧) ટી.પી. સ્કીમ નં.૭, ફા.પ્લોટ નં.૧૪૯, સ. નં.૨૨/૧૧ માં કેટલી સોસા. બનેલી છે? અને તેમાં કુલ કેટલા સીઓપી જગ્યા આવેલી છે? અને સી.ઓપીમાં જગ્યામાં કયા કયા પ્રકારનું ગેરકાયદેસર બાંધકામ થયેલા છે? તેની
વિગતવાર માહિતી. મુદ્દા નં.(૨) ટીપી સ્કીમ નં.૭ ફા.પ્લોટ નં.૧૪૯ સ. નં.૨૨/૧૧ માં બનીલી ખોડીયાર નગર સોસા.ની સીઓપીમાં બાંધવામાં આવેલ રામદેવ પેટ્રોલ પંપ કાયદેસર છે કે ગેરકાયદેસર? મુદ્દા નં.(૩) સદરહુ સીઓપીમાં રામદેવ પેટ્રોલપંપ શરૂ કરવા માટે સુમપાના કયા કયા વિભાગો ધ્વારા પરવાનગી કે એનઓસી આપવામાં આવી છે? તેની નકલો અને પત્ર વ્યવહારની કોપીઓ આપશો. મુદ્દા નં.(૪) સીઓપીમાં જગ્યામાં ગેરકાયદેસર જો રામદેવ પેટ્રોલ પંપ બાંધવામાં આવેલ હોય તો એ સંદર્ભે લીંબાયતઝોન મ્યુ. કમિ.એ વીજીલન્સ વિભાગ સુરત મનપાને કોઈ લેખિતમાં કુલ કેટલી ફરીયાદો મળી છે? આ ફરીયાદોનો શું નિકાલ કરવામાં આવ્યો છે?

જો કોઈ કાર્યવાહી સંબંધિત વિભાગો ધ્વારા થઈ હોય તો ગેરકાયદેસર બાંધકામ તોડવાની નોટીસ પેટ્રોલપંપ સીલ મારવાની નોટીસ કે બાંધકામ દુર કરવાની નોટીસ આપવામાં આવી છે ખરી? અને જો આપવામાં આવી હોય તો તેની નકલો આપશો. મુદ્દા નં.(૫) સીઓપી પેટ્રોલપંપ વાળી જગ્યામાં તથા અન્ય ગેરકાયદેસર બાંધકામ થયું હોય તો આ વોર્ડના લીંબાયતઝોન શહેર વિકાસ વિભાગના કયા સ્તરના અધિકારીની જવાબદારી શું બને છે? સાઈટ સુપરવાઈઝર જુની. ઈજનેર , આસી. ઈજનેર કે ડે. ઈજનેર સામે શું પગલા લેવામાં આવ્યા છે ખરા? મુદ્દા નં.(૬) ટીપી સ્કીમ નં.૭ અર્બન લેન્ડ સીલીંગ એકટ (યુએલસી) ની કુલ કેટલી જમીનો આવેલી છે તેના ફા.પ્લોટ નં.કયા કયા છે? એફ.પી. નં. ૧૪૯ માં યુએલસીની કોઈ જગ્યા આવેલી છે? જો જગ્યા યુએલસીની હોય તો મંજુર પ્લાન વિરુધ્ધ કેટલું બાંધકામ મળી શકે? મુદ્દા નં.૭ ટીપી સ્કીમ નં.૭ માં હાઈટેન્શન (એચ.ટી.લાઈન) લાઈન નીચે કુલ કેટલા બાંધકામો આવેલા છે? તેની સંખ્યા કેટલી? ૬૬.૦૦૦ કે.વી. વોલ્ટેજના એચ.ટી.લાઈન નીચે આવેલા ગેરકાયદેસરના બાંધકામો એપાર્ટ. બીલ્ડીંગો રો હાઉસો કોમર્શીયલ બાંધકામો તોડવાની જવાબદારી કોની છે? આ બાબતે કોઈ સક્ષમ અધિકારી ધ્વારા કાર્યવાહી સુમપા ધ્વારા કયા જવાબદાર વિભાગોએ કરી છે? મુદ્દા નં.૮ ટીપી સ્કીમ નં.૭ ફા.પ્લોટ નં.૧૪૯ માં બંધાયેલા એપાર્ટ. બીલ્ડીંગને મનપાએ બીયુસી સર્ટીફીકેટ આપ્યા છે ખરા? જો આપ્યા હોય તો તેની નકલો આપશોજી. મુદ્દા નં.(૯) ટીપી સ્કીમ નં.૭ ફા.પ્લોટ નં.૧૪૯, સ. નં.૨૨/૧૧ માં આવેલી અન રજીસ્ટર ખોડીયાનગર સોસા.ના પ્લોટ નં.૬૬ ,૬૭ ની ઉપર હાઈ ટેન્શન લાઈન પસાર થતી હોવા છતાં વિજયભાઈ બોર્ડરવાલા નામક વ્યકિતએ ૫૦×૫૦ નું કોમર્શીયલ બાંધકામ (ગોડાઉન) કરવાની પરવાનગી સુરત મનપાના કયા વિભાગ ધ્વારા કયારે આપવામાં આવી? પરવાનગી આપવામાં આવી હોય તો તેનીનકલ આપશો. મુદ્દા નં.(૧૦) પ્લોટ નં.૬૬,૬૭ માં કરવામાં આવેલું બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર? જો બાંધકામ ગેરકાયદેસર હોય તો સુરતમનપાના કયા વિભાગોએ ગેરકાયદે બાંધકામ દુર કરવા કયારે નોટીસ ઈશ્યુ કરી છે કે ડીમોલીશન થયુ છે? સક્ષમ અધિકારી ધ્વારા સરપ્રાઈઝ ચેકીંગ કરવામાં આવેલ છે કે કેમ? અથવા ડીમોલીશન કયારે કરશો તેની સંપૂર્ણ માહિતી આપશો. જે અંગે અરજદારે ૩૦ દિવસની સમય મર્યાદામાં કોઈ પણ પ્રકારનો જવાબ પાઠવેલ નથી તેવું જણાવી તા.૭–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. તેમજ સમય મર્યાદામાં સક્ષમ જવાબદારી અધિકારીને શિક્ષાત્મક કાર્યવાહી કરાવવાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૭–૨–૧૨ ધ્યાને લેતાં ૭–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૨–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને ત. જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નાસીરખાન સીમેન્ટવાલા,